## :: પ્રેસનોટ ::

### સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત
### " શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા તા.૨૦/૦૯/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના ચીમનલાલ લાપસીવાલા(રૂસ્તમપુરા) તરણકુંડ, રૂસ્તમપુરા, સુરત ખાતે યોજવામાં આવનાર છે.

ઉપરોકત બાળતરણ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરો (છોકરા–છોકરીઓ) ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના રૂમ નં.૧૮, સ્પોર્ટસ સેલ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, શ્રી તાપીભવન, શ્રી તાપીપુરા, સુરત ખાતેથી તા.૦૯/૦૯/૨૦૨૬ને સાંજે ૫:૦૦ કલાક સુધીમાં પ્રવેશ ફોર્મ સાથે આધારકાર્ડની પ્રમાણિત નકલ, ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતિ સહિત ઉપર જણાવેલ સ્થળે પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધાના પ્રવેશ ફોર્મ, નિયમો અંગેની માહિતી મળી શકશે.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલિકાતરફથી સાદર
સમાચારયાદી નં.....................

## સુરત મહાનગરપાલિકા સંચાલિત
## પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત
## શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધાના નિયમો

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધાનું આયોજન તા.૨૦/૦૯/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના **ચીમનલાલ લાપસીવાલા(રૂસ્તમપુરા) તરણકુંડ, રૂસ્તમપુરા, સુરત** ખાતે યોજવામાં આવનાર છે.

૧. બાળતરણ સ્પર્ધામાં સ્પર્ધકની ઉંમર મુજબ નીચે પ્રમાણે વિભાગો રહેશે.

| વિગત | વિભાગ | ઉંમર(વર્ષ) | જન્મ તારીખ | અંતર મીટરમાં |
|---|---|---|---|---|
| **વિદ્યાર્થીઓ** | અ | ૯ થી ૧૧ | ૩૧/૦૮/૨૦૧૫ થી ૩૧/૦૮/૨૦૧૭ | ૫૦ |
| " | બ | ૧૧ થી ૧૩ | ૩૧/૦૮/૨૦૧૩ થી ૩૧/૦૮/૨૦૧૫ | ૧૦૦ |
| **વિદ્યાર્થીનીઓ** | ક | ૯ થી ૧૧ | ૩૧/૦૮/૨૦૧૫ થી ૩૧/૦૮/૨૦૧૭ | ૫૦ |
| " | ડ | ૧૧ થી ૧૩ | ૩૧/૦૮/૨૦૧૩ થી ૩૧/૦૮/૨૦૧૫ | ૧૦૦ |

૨. સ્પર્ધામાં સુરત મહાનગરપાલિકાની હદમાં અભ્યાસ કરતા, કાયમી વસવાટ કરતા અથવા સુરતમાં જન્મેલા છોકરાઓ/ છોકરીઓ જ ભાગ લઈ શકશે.

૩. આ સ્પર્ધા માટે દરેક સ્પર્ધકે સ્પર્ધાના સ્થળે એક કલાક પહેલાં અચૂક હાજર રહેવું.

૪. તા.૩૧/૦૮/૨૦૨૬ના રોજ પૂરી થતી ઉંમર મુજબ હરીફોના વિભાગ ગણવામાં આવશે. હરીફોનાં ઉંમરના પુરાવા તરીકે આધારકાર્ડની પ્રમાણિત કરેલ નકલ આપવાની રહેશે અને તેમના પિતા / વાલીનું સમંતિપત્ર રજૂ કરવાનું રહેશે.

૫. સ્પર્ધામાં શાળામાં ભણતા ન હોય તેવા છોકરાઓ / છોકરીઓ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. પરંતુ તેઓએ ઉંમરના પુરાવા તરીકે સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ અથવા મહાનગરપાલિકાનો જન્મનો દાખલો તથા સુરતમાં વસવાટ અંગેના રહેઠાણના અધિકૃત પૂરાવા રજૂ કરવાના રહેશે.

૬. પ્રવેશફોર્મમાં સ્પર્ધકે પોતાનું નામ અને વિભાગ અચૂક લખવાનો રહેશે.

૭. દરેક વિભાગમાં ફ્રી સ્ટાઈલની તરણ સ્પર્ધા યોજવામાં આવશે.

૮. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોના ડોકટરી ફીટનેસ સર્ટીફીકેટ પ્રવેશપત્ર સાથે જ જોડવાના રહેશે. તે સિવાય પ્રવેશપત્ર સ્વીકારવામાં આવશે નહીં.

૯. સ્પર્ધામાં ઉપસ્થિત થનાર તમામ જોખમોની જવાબદારી હરીફોની તેમજ તેમના પિતા/વાલીની રહેશે.

૧૦. સ્પર્ધાના દરેક વિભાગમાં ઓછામાં ઓછા છ હરીફો થશે તો જ સ્પર્ધા યોજવામાં આવશે.

૧૧. સ્પર્ધામાં રેફરીઓનો નિર્ણય આખરી ગણાશે. આ અંગે કોઈપણ વાદ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૧૨. સ્પર્ધાના અરજી ફોર્મ સ્વીકારવાની અંતિમ તા.૦૯/૦૯/૨૦૨૬ છે. ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

sd/- xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધઃ–** ભરેલા પ્રવેશપત્રો રૂમ નં.૧૮,સ્પોર્ટસ સેલ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, શ્રી તાપીભવન, શ્રી તાપીપુરા, સુરત ખાતે **તા.૦૯/૦૯/૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે.**ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે તા.૨૦/૦૯/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે **ચીમનલાલ લાપસીવાલા (રૂસ્તમપુરા) તરણકુંડ ખાતે** સમયસર હાજર થવાનું રહેશે.

# સુરત મહાનગરપાલિકા

**સુરત મહાનગરપાલિકા સંચાલિત**
**પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત**
**'શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા'**
**પ્રવેશપત્ર**

૧. સ્પર્ધકનું નામ :

૨. સરનામું :
(ફોન/મોબાઈલ નંબર સહિત)

૩. જન્મતારીખ :

તા.૩૧/૦૮/૨૦૨૬ના રોજ પુરી થતી ઉંમર : વર્ષ : માસ : દિવસ :

૪. ભાગ લેનાર સ્પર્ધકની શાળાનું નામ અને સરનામું (ફોન / મોબાઈલ નંબર) :

૫. લાગુ પડતો વિભાગ : **વિધાર્થી / વિધાર્થીની**

ઉપરોકત પ્રવેશ ફોર્મમાં જણાવેલ વિગત સાચી છે અને સ્પર્ધાના નિયમને આધિન છે. હું મારા જોખમે આ સ્પર્ધામાં ભાગ લેવા સમંત છું.

તારીખઃ / /૨૦૨૬.

—————————————
સ્પર્ધકની સહી

**–: સોગંદનામું :–**

**ચીમનલાલ લાપસીવાલા (રૂસ્તમપુરા) તરણકુંડ, રૂસ્તમપુરા, સુરત ખાતે** યોજાનાર સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધામાં મારા દીકરા / દીકરીએ ઉપરોકત અરજી કરેલ છે. સ્પર્ધાના તમામ નિયમો અમે વાંચ્યા છે અને તે અમોને કબુલ મંજુર છે તથા તેનું પાલન કરવા અમો બાંહેધરી આપીએ છીએ. સ્પર્ધા દરમ્યાન ઉપસ્થિત થનાર તમામ જોખમોની જવાબદારી સ્પર્ધક તથા મા / બાપ / વાલીની છે તેની મને જાણ છે. ઉપરોકત સ્પર્ધામાં મારા સંતાનને ભાગ લેવા સંમતિ આપું છું.

તા. / /૨૦૨૬

—————————————
વાલીની સહી.

**નોંધઃ–** ભરેલા પ્રવેશપત્રો રૂમ નં.૧૮, સ્પોર્ટસ સેલ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, શ્રી તાપીભવન, શ્રી તાપીપુરા, સુરત ખાતે **તા.૦૯/૦૯/૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યાર બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે તા.૨૦/૦૯/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે **ચીમનલાલ લાપસીવાલા (રૂસ્તમપુરા) તરણકુંડ, રૂસ્તમપુરા, સુરત ખાતે** સમયસર હાજર થવાનું રહેશે.